# મેઘરજના મોટી મોટાડી અને ઢેમડા પંથકમાં વીજપોલ પડી જતા વીજ પુરવઠો બંધ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાઓના ગામડાઓમાં સામાન્ય વિજતંત્ર દ્વારા નવી નાંખવામાં આવેલી આ વિજલાઈનનો ખેડૂતો દ્વારા ઉપયોગમાં લેવામાં આવે તે પહેલા જ બની ગઈ છે.

મોટીમોપડી અને ઢેમડા પંથકના ખેડૂતોના જણાવ્યા અનુસાર મેઘરજ



(તસવીર : જય અમીન, મોડાસા)

પવન સાથે વરસાદ આવતાં વિજપ્રવાહ બંધ પડી જાય છે. ગત મંગળવારે અને બુધવારે વરસેલા વરસાદના કારણે વિજપોલો ખેતરોમાં ઢળી પડવાથી લીંભોઈથી મોટીમોટાડી તેમજ અદાપુરથી ઢેમડા તરફથી થ્રી ફીઝ લાઈનની વીજળી બંધ પડી ગઈ છે. તાજુદની વાત તો એ છે કે આ થ્રી ફેઝ લાઈન તેમજ વિજપોલો ગત ઉનાળામાં જ નાંખવામાં આવ્યા હતા. અને ચોમાસાના પહેલા જ સામાન્ય પવન સાથે વરસેલા વરસાદથી વીજપોલો ખેતરોમાં ઢળી પડેલા જોવા મળ્યા હતા. વિજપોલો તાર સહિત ખેતરોની વચ્ચે જમીનદોસ્ત થઈ ગયા છે. આ પરથી નવા વિજપોલો અને લાઈન નાખવામાં તંત્રની બેદરકારી છતી થાય છે.

ગત મંગળવાર અને બુધવારે સારો વરસાદ વરસતાં ધરતીપુત્રોમાં આનંદ જોવા મળ્યો હતો. ત્યારે બીજી તરફ થ્રી ફેઝની લાઈનોનો પાવર બંધ રહેવાથી બોર અને મોટરો બંધ રહેતા માણસો અને પશુઓના પીવાના પાણીની સમસ્યા પેદા થઈ હતી. તેમજ ખેતરોમાં થ્રી ફેઝની લાઈનો તુટી પડતાં ખેડૂતોની હાલત કફોડી જીઈબીનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરાતાં મેઘરજ વિજતંત્રની ઓફીસમાં ફોનની રીંગો જ રણક્યા કરતી હતી. પરંતુ કોઈ અધિકારીએ કે કર્મચારી દ્વારા ફોન ઉપાડવાની પણ તસ્દી લેવામાં આવતી નથી. ત્યારે વિજતંત્ર દ્વારા આ અંગેની ગંભીરતા સમજી તાત્કાલિક ખેતરોમાં પડેલા વાયરો હટાવી લઈને લાઈન ઉભી કરી વિજ પુરવઠો ચાલુ કરાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. તેમજ વિજલાઈન નાખવામાં ઉતારેલી વેઠ અંગે યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઉઠી છે.

# મોડાસામાં પ્રદૂષિત પાણીથી નાગરિકો ત્રસ્ત

## શહેરમાં દરરોજ ૯૦ લાખ લીટર પાણીનું વિતરણ : ડેમમાં પાણીની આવક થતાં પાણી ડહોળાયું

મોડાસા, તા. ૩૦

મોડાસા શહેરમાં નગરપાલિકા દ્વારા લોકોને અપાતો પાણી પુરવઠો માજુમ ડેમમાંથી મેળવવામાં આવે છે. જો કે તાજેતરમાં પડેલ ભારે વરસાદને પગલે ડેમમાં પાણી ડહોળાતાં -જાને ગંદુ પાણી મળી રહ્યું છે. છેલ્લા પાંચ દિવસથી શહેરના તમામ વિસ્તારમાં ડહોળુ પાણી આવતાં લોકો પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યા છે. પાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટ નાખવામાં આવ્યા છે તેમ છતાંય ગંભીર બિમારીઓ થાય તેવું દુષિત પાણી મળતાં લોકો ત્રાહિમામ થઈ ગયા છે.

મોડાસામાં દરરોજ ૧૧૦ લાખ લિટર પાણીનું વિતરણ પાલિકા દ્વારા કરવામાં આવે છે. જેમાંથી ૯૦ લાખ લિટર પાણી ડેમમાંથી મેળવવામાં આવે છે જયારે ૨૦ લાખ લિટર પાણી જુદા જુદા વિસ્તારમાં કરેલ બોરમાંથી મેળવી શહેરના ૧૨ વોર્ડમાં પાણી પુરવઠો પુરો પડાય છે. જો કે છેલ્લા પાંચ દિવસથી શહેરના તમામ વિસ્તારોમાં દુષિત પાણી આવતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે. નગરપાલિકા દ્વારા અપાતું પાણી ડહોળુ આવતાં પીવાની વાત તો બાજુ પર રહી



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પરંતુ ઘર વપરાશ માટે પણ પાણી ઉપયોગમાં લઈ શકાતું નથી. નળ ચાલુ થતાં જ પાણીની જગ્યાએ ડહોળુ પાણી આવતાં લોકોની હાલત કફોડી બની છે.

ઘર વપરાશ તેમજ પીવા માટે પાણીની ફરજીયાત આવશ્યકતા રહે છે. પરંતુ દુષિત પાણીને કારણે -જા મુશ્કેલીમાં મુકાઈ છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં અનેક લોકો પાલિકા દ્વારા અપાતા પાણી ઉપર નભે છે. ત્યારે ન છુટકે પણ લોકોને આવા ગંદા પાણીનો ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે.

આ અંગે નગરપાલિકાના સત્તાધિશોને પુછતાં જાણવા મળ્યું હતું કે, તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે માજુમ ડેમમાં પાણીની આવક થઈ છે. પરિણામે ડેમનું પાણી ડહોળાઈ જતાં હાલ દુષિત પાણી મળી રહ્યું છે. થોડા દિવસોમાં પાણી ઠરી ગયા બાદ રાબેતા મુજબ શુધ્ધ પાણી મળી શકશે. ઉલ્લેખનીય છે કે ડેમમાંથી આવતું અશુધ્ધ પાણી શુધ્ધ કરવા માટે લાખો રૂપિયાના ખર્ચે પાલિકાએ ફિલ્ટર લગાવ્યા છે. પરંતુ દુષિત પાણી આવતાં -જાની હાલત ખરાબ થઈ ગઈ છે.

### મોડાસામાં પાણી વેરો ભરાવા છતાં રહીશોને પીવાનું પાણી ખરીદવાનો વારો

મોડાસા નગરપાલિકા વિસ્તારમાં રહેતા લોકો મસ મોટો વેરો ભરે છે. તેમાં દર વર્ષે નિયમીત પાણી વેરો -જા ભરે છે. પરંતુ ચોમાસા દરમિયાન ડહોળુ પાણી આવવાની સમસ્યા વર્ષોથી ઉકેલાતી નથી. હજુ ચોમાસુ બાકી છે ત્યારે આગામી દિવસોમાં પણ જયારે પણ ડેમમાં પાણીની આવક થશે તે સમયે ડહોળા પાણીનો પ્રશ્નો ઉભો જ રહેશે. પાણી વેરો ભરવા છતાં લોકોને હાલ પીવાનું પાણી ખરીદવાનો વારો આવ્યો છે.

# પાલનપુર નગરપાલિકાના રાજમાં રોડના કામમાં ગેરરીતી આચરાઈ હોવાની રાવ

## નીતી-નિયમો નેવે મુકી રાતોરાત ૯ લાખનો રોડ બનાવાયો હોવાની બુમરાણ : ૩૫૦ના ભાવની સિમેન્ટની ૧૨૫૦ થેલી વપરાઈ હોવાની બાબત જ શંકા ઉપજાવે છે

પાલનપુર, તા. ૩૦

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં પાલિકાની ટર્મ પુરી થવાને આરે હોઈ ગેરરીતીઓ આચરવાનો જાણે સિલસિલો ચાલુ થયો હોય તે રીતે નીત નવા કૌભાંડો પ્રકાશમાં આવી રહ્યા છે. પાલનપુર નગરપાલિકાના રાજમાં હવે મોટાભાગના નો-રીપીટ થિયેરી તળે ચૂંટાઈને આવેલા નગરસેવકોને જાણે પોતે રીપીટ થવાના નથી તેવો અણસાર આવતાની સાથે જ તેઓએ બે પાંદડે થવાની હોડ લગાવી હોય તેવી ચર્ચાએ વેગ પકડયો છે. તાજેતરમાં પાલનપુર નગરપાલિકાના રાજમાં એક ૧.૩૫ મીટરનો રોડ બનાવવામાં નિતી-નિયમોને કોરાણે મુકી ભારે ગેરરીતી આચરાઈ હોવાનું કૌભાંડ પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ૯.૨૦ લાખના ખર્ચે એક સી.સી.રોડ આકાર પામ્યો છે. જેમાં ભારે અનિયમિતતાઓ દાખવવામાં આવી છે. ખરેખર તો, સૌપ્રથમ તો રોડ બનાવવા માટે કમીટીમાં ઠરાવ કરવો પડે, કોઈપણ યોજનાની ગ્રાંટ તળે કામ મંજુર કરાવી જનરલ બોર્ડમાં મુકવું પડે બાદમાં તેનો પ્લાન એસ્ટીમેન્ટ બને, તાંત્રિક અને વહીવટી મંજુરી મેળવવી પડે તેવી કોઈપણ જાતની પ્રોસેસ કર્યા વિના બાપુકી પેઢી ચાલતી હોય તે રીતે ગાંધી વૈધનું સહીયારૂની નીતી અપનાવી બાંધકામ શાખા સહીતના પાલિકાના સત્તાધીશો ધ્વારા કેસરીયા બિગ્રેડના મનાતા કોન્ટ્રાકટરનો આ રોડ મંજુર કરાયો હોવાની બુમરાણ મચી છે. હાલમાં સિમેન્ટના ભાવ પ્રતિ થેલી અંદાજે રૂ.૨૬૫ છે. ત્યારે રૂ. ૩૫૦નો પ્રતિ થેલી ભાવ મંજુર કરી અંદાજે ૧૨૫૦ થેલી સિમેન્ટ વપરાયો હોવાનો કરાયેલા ઉલ્લેખથી જ આ કામમાં કંઈક રંધાયુ હોવાની બુ આવી રહી છે.

હાલમાં નગરપાલિકામાં સી.સી.રોડના કામો ૨૫ થી ૪૦ ટકા નીચા ભાવે આવે છે. ત્યારે જાહેર નિવિદા બહાર પાડી કામ કરાવ્યું હોત તો અંદાજે ૨૫ ટકા પણ નીચા ભાવો આવ્યા હોત તો આ રોડ રૂ.૪.૫૦ લાખમાં તૈયાર થવાની શકયતા હતી. પરંતુ તમામ પ્રકારની કાર્યવાહી કર્યા વિના તમામ નીતી-નિયમો કોરાણે મુકી રૂ.૯.૨૦ લાખનો ખર્ચ કરી ૧૦૦ ટકા ખાયકી થઈ હોવાની બુમરાણ મચી છે. ત્યારે માત્રને માત્ર પાલિકાના આર્થિક હીતોને નુકસાન પહોંચાડી કૌભાંડ કરવાના બદઈરાદે થયેલી કાર્યવાહી સામે જીલ્લા કલેકટર લાલ આંખ કરી પગલાં ભરે તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે.

# નગરપાલિકા તંત્ર સફાળુ જાગ્યુ : શહેરમાંથી ઠેર ઠેર પથરાયેલા ગંદકીના ઢગ દુર કરાયા

## એસ.ટી. ડેપો આગળ આવેલી કચરાપેટી તાત્કાલીક ખાલી કરી અને આજુબાજુ દવાનો છંટકાવ કરાયો

મોડાસા, તા.૩૦

મોડાસા શહેરમાં કેટલાક સમયથી ગંદકીનુ સામ્રાજય છવાયુ હતુ. સરકાર ધ્વારા સમગ્ર ભારતભરમાં ચલાવાયેલ સફાઈ ઝુંબેશ અભિયાનનો સત્તાધિશોના પેટનુ પાણી હાલતુ નહોતુ.

જયારે બીજી બાજુ મોડાસા ખાતે જો મુખ્યમંત્રી કે મંત્રીનુ આગમન હોય તે સમયે તો મોડાસા શહેર જાણે સોળે કળાએ ખીલી ઉઠયુ હોય તેવુ લાગ છે તો



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા નગરપાલિકાના સત્તાધિશો જાણે છેદ ઉડાડતા હોય તેમ મોડાસા નગરપાલિકા ધ્વારા કચરા પેટીના ડબ્બા તો મુકવામાં આવ્યા છે પરંતુ આ કચરા પેટીના ડબ્બા ભરાઈ ગયા બાદ એટલી હદે કચરો ભરાઈ જાય છે કે કચરો ઉભરાયા પછી આજુબાજુ ગંદકીનુ સામ્રાજય છવાઈ જાય અને એટલી હદે દુર્ગંધ મારતી હોય છે કે જાણે રોગચાળો ફાટી નીકળે તેવી પરીસ્થીતીનુ નિર્માણ થાય તેવી પરીસ્થીતી પેદા થઈ હતી છતાં પણ આટલી બધી ગંદકી થઈ હોવા છતાં નગરપાલિકા પ્રજાજનો નગરપાલિકાના સત્તાધિશો પાસે જવાબ માગી રહયા છે કે મોડાસા શહેરને રોજ કેમ આવુ રાખવામાં આવતુ નથી.

જયારે મોડાસા શહેરમાં ગંદીકના સામ્રાજય બાબતે ગાંધીનગર સમાચાર ધ્વારા એક અહેવાલ પ્રસીધ્ધ કરવામાં આવ્યો હતો ત્યારે નગરપાલિકા તંત્ર આ અહેવાલને પગલે સફાળુ જાગ્યુ હોય તેમ ઠેર ઠેર ખડકાયેલા ગંદકીના ઢગ દુર કરવામાં આવ્યા હતા અને દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

# વાંટડા ગામની સીમમાંથી ૧.૯૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂના શોખીનો વધારે હોવાથી અરવલ્લી જિલ્લામાં ચોરીછુપી ખાનગી રીતે વિદેશી દારૂનો વેપલો કરી નફો રળી લેવા નીતનવા નુસખા અપનાવતા હોય છે. એક બુટલેગરના ખુલ્લા ઢાળીયામાં અને જીપગાડીમાં સંતાડેલો વિદેશી દારૂનો ૧.૯૧ લાખનો જથ્થો ઝડપી પાડી બુટલેગરને જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. જ્યારે અન્ય એક ફરાર ઈસમને ઝડપી પાડવા મોડાસા રૂરલ પોલીસે તપાસ હાથ ધરી છે.

મોડાસા તાલુકાના વાંટડા (દાવલી) ગામનો એક બુટલેગર પોતાના ઘરની નજીક બનાવેલા ખુલ્લા ઢાળીયામાં અને જીપગાડીમાં ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો સંતાડીને ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની બાતમીના આધારે સોમવારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલા અને ચંદુસીંહ બાપુએ રેઈડ કરતાં વાંટડા (દાવલી) ગામના મુકેશભાઈ અમરાભાઈ ગામેતીના ઘરની નજીક આવેલા ખુલ્લા ઢાળીયામાંથી ઘાસચારા નીચે સંતાડેલો અને ઢાળીયા નજીક પાર્ક કરેલી મહેન્દ્રા મેક્સ જીપગાડીમાં



(તસવીર : જય અમીન, મોડાસા)

(નં.જીજે૦૨.આર.૯૧૬૪)ની અંદર છુપાવેલો વિદેશીદારૂ અને બીયરના ટીન નં. ૭૦૩ કિંમત રૂ. ૧,૯૦,૯૦૦નો ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂ ઝડપી પાડી મુકેશભાઈ અમરાભાઈ ગામેતીની ધરપકડ કરી હતી. જ્યારે વિદેશીદારૂના વેચાણમાં મદદગારી કરનાર રમેશભાઈ બાબુભાઈ ગામેતી (રહે. શામળપુર, ભીલોડા)ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ વિદેશી દારૂનો જથ્થો ૧,૯૧ લાખ અને મેક્સગાડીની કિંમત રૂ. ૩૦૦૦૦૦ મળી કુલ ૪,૯૦,૯૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી આ બન્ને આરોપીઓ સામે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

## ઐઠોર ગામે દર્પણ ગ્રંથ વિમોચન સમારોહ યોજાયો

ઊંઝા, તા. ૩૦

ઊંઝા નજીકના ઐઠોર ગામે શ્રી લીંબાચીયા તેર સમાજ આયોજીત સમાજ દર્પણ ગ્રંથ વિમોચન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ હરેશભાઈ લીંબાચીયા, ઉદ્ઘાટક કાન્તિલાલ લીંબાચીયા, વિમોચન જયંતિભાઈ વૈદ્ય અને વિશિષ્ટ મહેમાન ઊંઝા બજાર સમિતિના ચેરમેન ગૌરાંગભાઈ પટેલ ઉપસ્થિત રહી સમાજ દર્પણ ગ્રંથની ઉપયોગીતા સમજાવી હતી. સમારોહમાં સમાજ દર્પણ ગ્રંથના મુખ્ય સંપાદક સોમાભાઈ લીંબાચીયા, સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ લીંબાચીયા, સમુહલગ્ન સમિતિના પ્રમુખ નાથાલાલ લીંબાચીયા, કેળવણી યુવક મંડળના પ્રમુખ અલ્પેશભાઈ લીંબાચીયા, અન્ય હોદ્દેદારો, સભ્યો, સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

## ઊંઝા એસ.ટી. ડેપોના ૧૦ કર્મચારીઓ એક સાથે નિવૃત્ત

ઊંઝા એસ.ટી. ડેપોમાં ટીસી, ડ્રાઈવર, કંડકટર, હેલ્પર જેવા વિવિધ પદો પર ફરજ બજાવતા દશેક જેટલા કર્મચારીઓ વયમર્યાદાને લીધે નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં સમારંભના અધ્યક્ષ મહેસાણા એસ.ટી. વિભાગીય નિયામક નટુભાઈ પટેલ, મધ્યસ્થ કચેરીના ડી.ટી.ઓ. પ્રકાશભાઈ ચૌધરી, ડેપો મેનેજર રમેશભાઈ મેવાડા સહિત સ્થાનિક અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં નિવૃત્ત થયેલ કર્મચારીઓ ઈશ્વરભાઈ કે. પરમાર માંડોત્રી(ટી.સી.), વિઠ્ઠલભાઈ એન. પરમાર ભાંખર (ટી.સી.), દિનેશભાઈ કે. પટેલ ખડદા (ડ્રાઈવર), અબ્દુલભાઈ એ. સિપાઈ ડભાડ (ડ્રાઈવર), અગરાજી આઈ. ઠાકોર વડુ (ડ્રાઈવર), ચંદુભાઈ એ. પટેલ ઉપેરા (કંડકટર), દશરથભાઈ એસ. પટેલ પાલડી (કંડકટર), રામજીભાઈ આઈ. પટેલ સુરપુરા (કંડકટર), કિર્તીભાઈ એમ. ભીલ પાટણ (વેલ્ડર) અને હરીભાઈ એસ. ચૌધરી વણગલા (હેલ્પર)ની સેવાઓને બિરદાવી તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઊંઝામાં બાલાજી એસ્ટેટમાંથી સવાલાખની કિંમતની જીરૂની બોરીઓની ઉઠાંતરી

ઊંઝા, તા. ૩૦

ઊંઝા નજીક ઉનાવા ગામે હાઈવે પર આવેલ બાલાજી એસ્ટેટના એક ગોડાઉનના પાછળના ભાગે રાત્રીના સમયે કોઈ તસ્કરોએ બાકોરૂ પાડીને અંદર પડેલ જીરાની બોરીઓ પૈકી રૂપિયા ૧,૩૮,૬૦૦ની કિંમતની મત્તાની જીરૂ ભરેલ ૧૪ બોરીઓની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બનેલ છે.

ઊંઝા ખાતે ગંજબજારમાં આવેલ પટેલ દેવચંદભાઈ શંકરલાલ એન્ડ સન્સ નામની પેઢીમાં કમિશન એજન્ટ તરીકે કામ કરતા જીગ્નેશકુમાર બાબુલાલ પટેલે ઉનાવા રોડ પર બાલાજી એસ્ટેટમાં ભાડેથી રાખેલ ગોડાઉનમાં જીરા અને ઈસબગુલની બોરીઓ મુકી હતી. દરમિયાન રાત્રીના સમયે આ ગોડાઉન પર કોઈ તસ્કરોએ આવી ગોડાઉનના પાછળના ભાગે બાકોરૂ પાડ્યું હતું. ત્યારબાદ અંદર પ્રવેશી જીરાની બોરીઓના થપ્પામાંથી ૧૪ જેટલી બોરીઓની ચોરી કરી હતી. ચોરાયેલ જીરૂની કિંમત રૂપિયા ૧,૩૮,૬૦૦ની થવા જાય છે.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ વધતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર


મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦